# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૭ તા.૧૬-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- Digital Gujarat Portal પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાઓના અમલ બાબત(વર્ષ ૨૦૨૪-૨૫).

સંદર્ભ :- પત્ર નં.જિનાની/વિજા/શિક્ષણ/૨૦૨૪-૨૫ તા.૦૩-૦૮-૨૦૨૪

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં શાળામાં અભ્યાસ કરતા ધો.૧ થી ૮ના SC/ST/SEBC/NT-DNT/Minority/ EBC/GEN જ્ઞાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયની દરખાસ્ત Digital Gujarat Portal પર શાળાના લોગઈનથી કરવાની થાય છે.

પ્રિમેટ્રીક ધોરણ ૧ થી ૮ શિષ્યવૃત્તિ/ગણવેશસહાય માટે વિદ્યાર્થીઓના આધારકાર્ડની માહિતી તથા રાશનકાર્ડની માહિતી ભરવી ફરજિયાત છે. જેથી શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડ અને રાશનકાર્ડ મેળવી લેવાના રહેશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન મુજબ પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયની દરખાસ્ત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. જો કોઈ લાભાર્થી વિદ્યાર્થી પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૬-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

## જિલ્લા નાયબ નિયામક

### વિકસતિ જાતિઓના કલ્યાણની કચેરી

બ્લોક નં.E, પહેલો માળ, બહુમાળી ભવન,મંજુશ્રી મીલ,કંપાઉન્ડ,અસારવા,અમદાવાદ-૦૪

ફોન નંબર.૦૭૯-૨૯૭૦૧૧૨૦, E-mail: dydir-ddcw-ahm@gujarat.gov.in

પત્ર નં.જિનાની/વિજા/શિક્ષણ/૨૦૨૪-૨૫/ તા.૦૩/૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
.................................
.................................
.................................

વિષય:- Digital Gujarat Portal પરપ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય /સાયકલ સહાય યોજનાઓના અમલ બાબત (વર્ષ ૨૦૨૪-૨૫)
(Website: https://www.digitalgujarat.gov.in)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રીદ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવેછે.

Digital Gujarat Portalમાં હાલ વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે આ યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે Digital Gujarat Portalમાં જે સામાન્ય સુધારા-વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે. (આ માર્ગદર્શક સૂચનાઓની PDF આચાર્યશ્રીઓ પોતાના લોગીનમાં "User Manual"/ "News"સેક્શન માંથી પણ મેળવી શકે છે)વર્ષ:૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષ માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે.આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ Digital Gujarat Portalમાં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છતા ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા-વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.વિધાર્થીઓની એન્ટ્રી સ્ક્રીનમાં ફેરફાર કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે તમામ વિધાર્થીઓની એન્ટ્રી"Student Register"મેનુમાં જઇ "Edit Student Entry"પર ક્લીક કરી "Show"બટન કલીક કરી અપડેટ કરવી ફરજિયાત છે અને જેટલી વિગતો * Mark સાથે છે તે ભરવી ફરજીયાત છે."Edit Student Entry"મેનુંમાં જે વિધાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes"લખેલ હશે તે જ વિધાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર ઓનલાઇન દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ સમયસર મોકલવાની રહેશે.

ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે. જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.

વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અમલિત યોજનાIPM YASASVI Pre Matric Scholarship for OBC, EBC & DNT Students (GoI)માં ફરજિયાત વિધાર્થીઓના શિષ્યવૃતિની દરખાસ્તની નકલ શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે તેમજ જરૂરી ડોક્યુમેન્ટ પોર્ટલ પર"Proposal Detail"માં જઇ વિધાર્થીવાર અપલોડ પણ કરવાના રહેશે. આ યોજનામાં વિધાર્થીઓના ડોક્યુમેન્ટ અપલોડ થયા બાદ જ વિધાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી. વધુમાં જો આ શિષ્યવૃતિ યોજનાની દરખાસ્તની નકલ તથા આનુષાંગિક ડોક્યુમેન્ટ રાખવામાં નહિ આવેલ હોય અને તે અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.

- Family ID Project બાબત
  - ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પ્રિમેટીક શિષ્યવૃત્તિ યોજનામાં આધારનંબર, રેશનકાર્ડ નંબરતથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિધાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે એન્ટ્રી સ્ક્રીનમાં પણ જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે જે મુજબ આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરવાની રહેશે.

- શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:

૧. વર્ષ: ૨૦૨૪-૨૫ની ઓનલાઇન દરખાસ્ત https://www.digitalgujarat.gov.in મારફત કરવાની રહેશે.
૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password"Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)
૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.
૪. શાળાઓએ પોતાની શાળાના વિકસતી જાતિના વિધાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સિસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિધાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૨૪-૨૫માટે ઓટોમેટીક મૂકવામાં આવેલ છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિધાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિધાર્થીઓની એન્ટ્રીની ફરજિયાત ખરાઇ કરવાની રહે છે.એટલે કે જો કોઇ વિધાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.જો કોઇ વિધાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિધાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.(વર્ષ:૨૦૨૪-૨૫ માટે તમામ વિધાર્થીઓની એન્ટ્રી ૧ વાર"Student Register"મેનુમાં જઇ "Edit Student Entry"પર ક્લીક કરી "Show"બટન કલીક કરી અપડેટ કરવી ફરજિયાત છે. જે વિધાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes"લખેલ હશે તે જ વિધાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.)
૫. વિધાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિધાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છેકારણકે આવતા વર્ષે ફરીથી આ વિધાર્થીના

ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિધાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિધાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFSC Codeની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિધાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિ/ ગણવેશ સહાયની રકમ જમા કરવાની હોય છે.વિધાર્થીઓની બેંકખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તેઅંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

૭. તમામ વિધાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિધાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જએવા વિધાર્થીની વિગતો Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિધાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સંબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિધાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિધાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિધાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિધાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિધાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી ઉપર હોય તેવા વિધાર્થીઓના આધારનંબરની મદદથી Postal Payment Bank માં "૦" ઝીરો બેલેન્સથી તાત્કાલિક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. જે વિધાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિધાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિધાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિધાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એકટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૧. ચાલુ વર્ષે જો કોઇ વિધાર્થીઓનેIFMS સિસ્ટમ મારફત Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલેકે વિધાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિધાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility ➔ Update Payment Failed Student Account મેનુ પર ક્લિક કરવાથી જોઇ શકાશે.

જો વિધાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એકટીવ હોય તો તેવા વિધાર્થીઓને "Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account "બટનપર ક્લિક કરી જોઇ શકાશે અને આવા વિધાર્થીઓને સંબંધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટિવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિધાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો "Update Bank Account(If Account / IFSC Code Wrong)"બટન પર ક્લિક કરી જે તે વિધાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિધાર્થી દેખાતા થયેથી તુર્તજ વિધાર્થીની વિગતો અપડેટ કરી/સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

૧૨. નવા વિધાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તુર્ત જ બેંક ખાતા ખોલાવી લેવા. એક બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક વિધાર્થીઓની એંટ્રીમાં નાખી શકાશે.

૧૩. ધો:૧ થી ધો:૮ના પાત્રતા ધરાવતા વિધાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આ:ચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.

૧૪. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦ની શાળા અલગ- અલગ ચાલતી હોય અને તમામના ડાયસકોડ પણ અલગ-અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરીતેઓની "School Category" સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલપર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા-વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબંધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૫. જો કોઇ શાળા વિધાર્થીની એંટ્રી કરતા હોય અને "No Data Found From SSA Server"એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિધાર્થીની એંટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિધાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૬. ચાલુ વર્ષે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ આપના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને પણ મોનીટરીંગ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં User ID / Password આપવામાં આવશે. જેથી સમય મર્યાદામાં ચોકસાઇથી વિધાર્થીની એન્ટ્રી, બેન્ક એકાઉન્ટની વિગતો તેમજ જે તે ખાતાની યોજનાઓ મુજબની ઓનલાઇન દરખાસ્તો કાળજી પૂર્વક અને સમયસર કરવાની રહેશે.

૧૭. જો કોઇ વિધાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.

૧૮. મુળ ગુજરાતના વિકસતી જાતિના વિધાર્થીઓ હોય તેની જ ઓનલાઇન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે.

૧૯. આચાર્યશ્રીઓ દ્રારા જ્યારે વિધાર્થીઓના બેંક ખાતાની વિગતો ભરવામાં આવે ત્યારે તે બેંક ખાતા વિધાર્થીઓના જ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.

૨૦. આચાર્યશ્રીઓને તેઓના લોગીનના ડેશબોર્ડમાં જ્યારે માલુમ પડે કે વિધાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું થઇ ગયેલ છે ત્યારે વિધાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

૨૧. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

શાસનાધિકારી
અમદાવાદ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમદાવાદ

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ(શહેર)

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ(ગ્રામ્ય)

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.)અમદાવાદ

બિડાણ:

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ)

૨. વર્ષ ૨૦૨૪-૨૫નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" અંગેનુ પત્રક

નકલ સવિનય રવાના:

(૧) માન.કલેક્ટરશ્રી, જિલ્લા કલેક્ટર કચેરી,સુભાષબ્રીજ,અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમદાવાદ તરગ જાણ સારૂ.
(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ

વર્ષ: ૨૦૨૪-૨૫માં **Digital Gujarat Portal** મારફત **Online** કરવાની થતી પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાયયોજનાઓની વિગત (પત્રક-અ)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજય

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | ગણવેશ સહાય | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | BCK-76-77-85 Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | સા.શૈ.પ.વ. | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 2 | BCK-76-351-85 Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | આ.પ.વ. | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 3 | BCK-76 -85 Pre. Matric Scholarship and Uniform Assistance (Std. 1 to 8) | લઘુમતી | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 4 | BCK-136 - 140 Pre. Matric Scholarship (Std. 1 - 8) | વિચરતી-વિમુક્ત | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | રૂ.૯૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | રૂ.૯૦૦/- | | |
| 5 | BCK-289 Pre. Matric Scholarship for OBC Most Backward Class (Std. 1 - 8) | અતિ પછાત / વધુ પછાત | ધો.૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | PM YASASVI Pre Matric Scholarship for OBC, EBC and DNT Students (GOI) | OBC, EBC & DNT | ધો.૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૪૦૦૦/- | --------- | રૂ. ૨,૫૦,૦૦૦/- | સરકારી માધ્યમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |
| 7 | BCK-97 Free Cycle Scheme for SEBC & EBC Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | સા.શૈ.પ.વ. આ.પ.વ. | ધો.૯ | કન્યા | સાયકલ | | રૂ. ૬,૦૦,૦૦૦/- | સરકારી માધ્યમિક શાળાઓ/ ગ્રાંટ-ઈન-એઈડ શાળાઓતથા આશ્રમશાળાઓ |

**નોંધ:** ક્રમનં: ૬ મુજબની યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની રકમ આધારબેઝ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ ચુકવવામાં આવશે જેથી તમામએ નોંધ લેવાની રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૪-૨૫ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની**Online** દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | **NIC** દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | ઓગસ્ટ-૨૦૨૪ | (૧) ગત વર્ષ ૨૦૨૩-૨૪ની શાળાના લોગીનમાંથી કોઇ પ્રપોઝલ મોકલવાની બાકી હોય તો તે મોકલી આપવી. (તા:૧૫/૦૮/૨૦૨૪સુધીમાં)<br>(૨) વર્ષ ૨૦૨૪-૨૫ માટે NIC દ્વારા ૧ ધોરણ અપગ્રેડ કરેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરવા.(વર્ષ:૨૦૨૪-૨૫ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર અપડેટ કરવી ફરજિયાત છે.) જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી.<br>(૩) ધો: ૨ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી તા:૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | (૧) વર્ષ ૨૦૨૩-૨૪ની જિલ્લાના લોગીનમાં મળેલ પ્રપોઝલ મંજુર કરવી<br>(૨) વર્ષ ૨૦૨૩-૨૪ના કોઇ Payment ન થયા હોય કે ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ હોય તેવા બિલો બનાવી વર્ષ:૨૦૨૩-૨૪ની તમામ કામગીરી તા.૩૦/૦૮/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.<br>(૩) તમામ શાળાઓને વર્ષ ૨૦૨૪-૨૫નો પરિપત્ર તા:૦૨/૦૮/૨૦૨૪ સુધીમાં મોકલી આપવો.<br>(૪) વર્ષ ૨૦૨૪-૨૫ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી કરવી અનેIFMS/PFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી. | (૧) પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગતવર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ તથા **Digital Gujarat Portal** તથા **IFMS/PFMS**ના બીલોનુ તા:૩૦/૦૮/૨૦૨૪ સુધીમાં રીકન્સીલેશન કરવુ.<br>(૨) જે વિદ્યાર્થીઓનુ ગત વર્ષનુ શિષ્યવૃતિનુ ચૂકવણું તેઓના ખાતામાં સીધુ થયેલ હતુ તેઓને પ્રપોઝલ સીધી જ બની જાય તે રીતે પોર્ટલમાં ડેટા મુકવો. |
| ૩ | સપ્ટેમ્બરર૨૦૨૪ | ધો:૧, ધો:૯ તેમજ બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં Higher Authority ને સેન્ડ કરવી. | (૧) શાળાઓ તરફથી વર્ષ ૨૦૨૪-૨૫ની પ્રપોઝલો જેમ- જેમ ઓનલાઇન મળતી જાય તેમ તેમ નિયમોનુસાર મંજુરીની કામગીરી કરવી. શાળાઓ સાથે સંકલન કરી તા:૩૦/૦૯/૨૦૨૪સુધીમાં તમામ પ્રપોઝલ મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવી.<br>(૨) મંજુર કરેલ પ્રપોઝલના બિલો બનાવી Treasury કચેરીમાં રજુ કરવા / **PFMS** મારફત ચુકવણા કરવા.<br>(૩) વર્ષ ૨૦૨૪-૨૫ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | (૧) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / **PFMS Status** ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા.<br>(૨) પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી શાળાઓએ કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઈ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે, વિદ્યાર્થીઓના બેંક ખાતા રાજ્યમાં આવેલી બેંકમાં જ હોય તેની પણ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે,વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક (૧) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં જ ઉપયોગ કરી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઈન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે, જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦ વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં *૦* ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે, જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી શાળાઓએ પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જો કોઈ વિદ્યાર્થીને કોઈ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે.
- મુળ ગુજરાતના વિકસતી જાતિના વિદ્યાર્થીઓ હોય તેની જ ઓનલાઈન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ શાળાઓએ રાખવાની રહેશે.
- કેન્દ્ર સરકારશ્રી યોજના અંતર્ગત આધાર બેઝ પેમેન્ટ જ કરવામાં આવતુ હોય કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઈ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાના લોગીન મારફત તે જાણી શકાય છે જેથી વિદ્યાર્થીઓને જ્યારે શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાઓએ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.